# ભિલોડા તાલુકાના લીલછા ગામના માટીના દેશી માટલા ખૂબ પ્રખ્યાત

**ગામના ૨૦૦ જેટલાં પરિવારો માટલા બનાવવાના હુન્નરને અકબંધ રાખી રહ્યા છે**





ભિલોડા,તા.૨૧

૨૧ સદીના હાઈટેક ફાસ્ટ યુગમાં અધતન સુવિધાસભર ટેકનોલોજીએ હરણફાડ ભરી છે.યાંત્રિક યુગમાં ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીમાં તરસ છીપાવવા લોકો ફ્રીઝનો ઉપયોગ કરે છે.આજે ફ્રિજ કરતા વધારે માટલાનું પાણી પીવાનો વ્યાપ વધારે છે, દરેક ઘરમાં આજે અલગ અલગ-અલગ ડિઝાઈનના અને અલગ અલગ પ્રકારના માટલાઓ જોવા મળે છે, ત્યારે ખુબજ પ્રખ્યાત દેશી માટીમાંથી અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના લીલછા ગામના બ્રહ્માના પુત્રો એટલે કે પ્રજાપતિ સમાજ દ્વારા હાથે ઘડીને બનાવેલ માટલા સમગ્ર દેશમાં ઠંડુ પાણી પીવા માટે આશીર્વાદ રૂપ સાબિત થયા છે.હા દેશી માટલા તો ઘણા ગામોમાં બનાવાય છે પરંતુ લીલછાના માટલા વર્ષોથી પ્રખ્યાત છે.ઉનાળાની સીઝનમાં તમામ પરિવારો લાખોની સંખ્યામાં માટલા બનાવે છે. આ માટલા સમગ્ર ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને અન્ય રાજ્યોમાં જાય છે.આ ગામમાં પેઢીઓથી આ વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારો રહે છે. સરકારના કુટિર ઉદ્યોગ દ્વારા માટલા પકવવા માટે ભઠ્ઠી પણ પ્રાપ્ત થયેલ છે. ત્યારે સ્થાનિક માટલાના વ્યવસાય સાથે વણાયેલા પ્રજાપતિ પરિવારોને તેમના વ્યવસાય પ્રત્યે ખુબ ગર્વ છે.

લીલછા ગામના યજ્ઞેશભાઈ જણાવે છે, 'આ ગામમાં વર્ષોથી આ માટીકામ કરીએ છીએ, પરંપરાગત વ્યવસાયમાં જોડાયેલા છીએ. લીલછાના માટલાઓ ખુબ પ્રખ્યાત છે અને આજુ-બાજુના વિવિધ ગામોમાં તેમજ બીજા જિલ્લાઓમાં પણ દુર - દુર સુધી વેચાણ કરીએ છીએ અને પરીવાર નું ગુજરાન ચલાવીએ છીએ.

૨૦૦ જેટલા પરિવારો આજે પણ તેમના માટલા બનાવવાના હુન્નરને અકબંધ રાખી ગામના પ્રખ્યાત બનેલા દેશી માટલા અને લોળિયાની પરંપરાને જાળવી રહ્યા છે.

## ડીસાના રસાણામાં સિંચાઈ વિભાગની સરકારી જમીન પર દુકાનોનું દબાણ

**દબાણદાર સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ મુજબ ફરિયાદ દાખલ**

ડીસા, તા.૨૧

ડીસા તાલુકાના રસાણા મોટા ગામે દાંતીવાડા મુખ્ય કેનાલની સિંચાઈ વિભાગની જગ્યામાં એક શખ્સે ગેરકાયદેસર રીતે દબાણ કરી દુકાનો બનાવી દીધી હોવાનું બહાર આવ્યું છે. જે મામલે નિવાસી અધિક કલેક્ટરની સૂચનાથી દાંતીવાડા સિંચાઈ યોજનાના કાર્યપાલક ઈજનેરે ડીસા રૂરલ પોલીસ મથકે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે. દાંતીવાડા સિંચાઈ યોજનાની મુખ્ય નહેર ડીસાના રસાણા મોટા ગામેથી પસાર થાય છે. સિંચાઈ વિભાગ દ્વારા નહેરોની સાફ-સફાઈ માટે નહેરની બાજુમાં રસ્તો રાખેલો છે. ત્યારે ડીસાના રસાણા મોટા ગામે રેવન્યુ સર્વે નંબર ૯૨૬ વાળી જે સિંચાઈ વિભાગની જગ્યા છે. તેમાં ચંદુજી ઠાકોરે ગેરકાયદેસર રીતે દબાણ કર્યું હોવાની જિલ્લા કલેક્ટરને લેખિત અરજી રમેશસિંહ ચૌહાણે કરી હતી.

જે સંદર્ભે સિંચાઈ વિભાગ દ્વારા તપાસ કરાતા કેનાલની બાજુમાં આવેલી સિંચાઈ વિભાગની જમીનમાં કાચા નળિયા વાળી બે દુકાનો, એક દળણું દળવાની ઘંટી તથા બીજી દુકાનમાં ગલ્લો તેમજ નજીકમાં આવેલી ખુલ્લી જગ્યામાં ત્રણ બાજુથી તારની વાડ કરી સરકારી જમીનમાં ૩૦૦ ફૂટ જેટલું દબાણ કરેલું હોવાનું જણાયું હતું.જેથી નિવાસી અધિક કલેક્ટર પાલનપુર દ્વારા આ બાબતે ફરિયાદ દાખલ કરવા જણાવતા દાંતીવાડા જળાશય યોજનાના કાર્યપાલક ઈજનેર એસ.આઈ. પટેલ દ્વારા ચંદુજી ઠાકોર સામે ડીસા રૂરલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભા, ન્યુ દિલ્હી (માઉન્ટ આબુ) નવિન હોદ્દેદારો,કારોબારી સભ્યોની નિમણુંક અને શપથવિધિ સમારોહ કાર્યક્રમ યોજાયો




ભિલોડા,તા.૨૧

અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાનું ૯ મું મહાઅધિવેશન ત્રિ-મંદિર - અડાલજ મુકામે તા. ૧૬-૦૪-૨૦૨૩ ને રવિવારના રોજ મળ્યું હતું.૧૭ રાજ્યોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ મહાસભામાં પાંચ વર્ષ માટે નવા હોદ્દેદારો, કારોબારીની રચના કરવામાં આવી હતી.સાબરકાંઠા જિલ્લામાંથી મહાસભામાં મોટાકોટડા ગામના સામાજીક અગ્રણી આગેવાન કેશુભાઈ પુંજાભાઈ પટેલની સર્વાનુમતે નિમણુંક કરાઈ હતી.અરવલ્લી જિલ્લામાંથી નારાયણભાઈ મકનાભાઈ પટેલ,અંતિસરા,મહિલા પાંખમાં હિંમતનગર તાલુકાના ખેડ ગામના નિરૂબેન સતિષભાઈ પટેલ, અમદાવાદથી અવનીબહેન જેશીંગભાઈ પટેલ સહિત ૨૪૦ સભ્યો સાથે નવિન હોદ્દેદારો,કારોબારી સભ્યોની સર્વાનુમતે નિમણુંક કરાઈ છે.સમાજના હિતમાં સર્વાંગી રીતે ભગીરથ કાર્યો કરવા માટે શપથવિધિ દરેકની કરવામાં આવી હતી.

## પ્રાંતિજના પલ્લાચર ખાતે તસ્કરો ત્રાટક્યા : બે સગા ભાઈઓના મકાનને નિશાન બનાવ્યુ



પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના પલ્લાચર ખાતે રાત્રીના દરમ્યાન તસ્કરો ત્રાટક્યા હતા અને બે બંધ મકાન ને નિશાન બનાવી અંદાજે ૧૫ હજાર થી વધુની ચોરી કરી પલાયન થતા મકાન માલિકો દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા જાણ કરી હતી

પ્રાંતિજ ના પલ્લાચર ખાતે ગુરૂવાર ની રાત્રીએ પલ્લાચર ખાતે રહેતા મુકેશ કુમાર કેશાભાઇ ડોડીયા તથા બળવંતભાઈ કેશાભાઈ ડોડીયા ના બંધ મકાન મા રાત્રીના સમયે અજાણ્યા તસ્કરોએ બંધ મકાનોના આગળનો મેન દરવાજાઓ ના તાળા તોડી બન્ને મકાનોમા પ્રવેશ કર્યો હતો અને ઘર મા રહેલ સર-સામાન વેર વિખેર કર્યો હતો તો મુકેશ કુમાર ડોડીયા ના ઘર માંથી તિજોરી મા રહેલ ચાંદીના સિકકા તથા રોકડ રકમ ત્રણ હજાર તથા તેમના ભાઈ બળવંત કુમાર કેશાભાઈ ના મકાન માં પ્રવેશ કરી સરસામાન વેરવિખેર કરી તિજોરી નુ તાળુ તોડી અંદાજે-૬ હજાર રૂપિયા ની ચોરી કરી હતી તો બન્ને મકાનો મા થઈ ને કુલ-૧૫ હજાર ઉપર ની ચોરી કરી તસ્કરો ફરાર થતા મકાન માલિકો દ્વારા આ અંગે પ્રાંતિજ પોલીસ ને જાણ કરતા પ્રાંતિજ પોલીસ પલ્લાચર ખાતે દોડી આવી હતી અને તસ્કરોની શોધખોળ હાથ ધરી હતી.

**વર્ષ પછી પણ પ્રવાસનધામોનો વિકાસ ઝાંઝવાના જળ સમો**

# બાયડ તાલુકામાં પ્રવાસીઓને આકર્ષવા પ્રવાસન સર્કીટનું સ્વપ્ન ભૂલાયું

**ઝાંઝરી, દિપેશ્વરી ધામ, ધારેશ્વર મહાદેવમાં અપૂરતો વિકાસ**

બાયડ તા.૨૧

અરવલ્લી જિલ્લો પ્રવાસન ક્ષેત્રે આગવી નામના મેળવે અને બાયડ તાલુકાના પ્રવાસનધામો પ્રવાસીઓને આકર્ષે તે માટે ૫ વર્ષ અગાઉ બાયડ પ્રાંત અધિકારી દ્વારા પ્રવાસન સર્કીટનું સ્વપ્ર સેવ્યું હતું પરંતુ હજુ પણ સ્વપ્ર સાકાર થયું નથી.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય સરકાર પ્રવાસન ધામોના વિકાસ માટે દર વર્ષે માતબર બજેટ ફાળવે છે પરંતુ સ્થાનિક જિલ્લા કક્ષાએ યોગ્ય આયોજનનો અભાવ અને કેટલાક કિસ્સાઓમાં લાગવગશાહીના કારણે વિકાસ થવો જોઈએ તેવા પ્રવાસન ધામો અને ધાર્મિક સ્થળોનો વિકાસ થયો નથી. ત્યારે ગુજરાતની ભાજપ સરકાર દ્વારા યાત્રાધામો પૌરાણિક તેમજ ધાર્મિક સ્થાનોના વિકાસના





કામો કરવા બમણી રકમ આપવાનું ઠરાવ્યું છે જેમાં સિવિલ વીજળીકરણના કામોને અગ્રતા, સોલર ઉર્જાના કામો વગેરેની અ.બ.ક. એમ ૩ કક્ષામાં વિભાજન કરાયું છે. આવા સ્થળોએ સમાજના ધાર્મિક સ્થાનોમાં વિકાસ કામો માટે જનભાગીદારીને સામેલ કરી હતી જેમાં અગાઉ ૨૦ ટકા લોકફાળો હતો પરંતુ તેને નબળો પ્રતિસાદ મળ્યો જેના કારણે સરકાર દ્વારા હવે ૧૦ટકા રકમ ભરવાની જોગવાઈ કરી છે. જ્યારે બંન્ને સમાજ સિવાયના અન્ય સમાજમાં લોકફાળો ૩૦ ટકા હતો તે ઘટાડીને ૨૦ ટકા કરવામાં આવ્યો છે. અરવલ્લી જિલ્લામાં શામળાજી પછી સૌથી વધુ પ્રવાસીઓ બાયડ તાલુકાના પ્રકૃતિની ગોદમાં સમાયેલા ઝાંઝરીમાં સૌથી વધુ પ્રવાસીઓ ચોમાસા દરમ્યાન મુલાકાતે આવતા હોય છે તેમજ ધાર્મિક સ્થળમાં ઉંટરડાનું દિપેશ્વરી ધામ જ્યાં દર મહિને દોઢ થી બે લાખ શ્રદ્ધાળુઓ દર્શન માટે આવતા હોય છે અને વાત્રક નદીના કિનારે આવેલ વાત્રક પાસેના ધારેશ્વર મહાદેવમાં પણ ભાતીગળ મેળા ભરાવવાની સાથે શિવરાત્રિ તેમજ શ્રાવણ મહિનામાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટતા હોય છે. વર્ષ-૨૦૧૯માં બાયડ પ્રાંત અધિકારી ડૉ.નવનાથ ગહવાણેએ બાયડ તાલુકાના પ્રવાસન ધામો સહિત માલપુર તાલુકાના પ્રવાસન ધામોને એક સીધી પ્રવાસ સર્કીટથી જોડી સમગ્ર જિલ્લાના પ્રવાસન ધામોની પ્રવાસીઓ મુલાકાત લે તે પ્રકારે દરખાસ્ત સરકારમાં મોકલી હતી પરંતુ ૫ વર્ષ પછી પણ તેમાં કોઈ પ્રગતિ થઈ હોય તેવું જણાતું નથી. ત્યારે રાજ્ય સરકારે હવે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના પ્રવાસન ધામો અને ધાર્મિક સ્થળોની થઈ રહેલી ઉપેક્ષા દૂર થાય તેવા પ્રયાસ કરવા રહ્યા.

**રડોદરાના અરજદારે તાલુકાના ધાર્મિક, ઐતિહાસિક સ્થળોની વિગત માગી**

બાયડ તાલુકાના રડોદરાના સામાજીક કાર્યકર વલ્લવદાસ મગનભાઈ પટેલે જિલ્લા સ્વાગત કાર્યક્રમ અંતર્ગત બાયડ તાલુકાના ધાર્મિક, ઐતિહાસિક તેમજ ભૌગોલિક સ્થળો તેમજ બાયડ તાલુકાની સ્થાપનાના દાયકા પછી શું શું ફેરફાર થયા તે અંગેની લેખિત માહિતી બાયડ તાલુકા વિકાસ અધિકારી પાસે માંગ્યાનું જાણવા મળ્યું છે. તેઓએ પણ વર્ષો પછી પણ તાલુકાના પ્રવાસન અને ધાર્મિક સ્થળોનો વિકાસ ભૂલાયો હોવાનો આરોપ લગાવ્યો છે.

## અવસાન નોંધ..



બાયડ : બાયડની યમુનાકુંજ સોસાયટીમાં રહેતા જયંતિભાઈ એન. ભાટીયા(નિવૃત્ત સુપરવાઈઝર : જે.એસ. મહેતા હાઈસ્કુલ-ધનસુરા)ના જમાઈ અને નિખિલભાઈ જે. ભાટીયા(શિક્ષક : નાથાના મુવાડા પ્રા.શાળા)ના બનેવી પરેશકુમાર મણીલાલ ભાટીયા(વડાગામ - મહિસાગર)નું નિધન થયેલ છે. સ્વર્ગસ્થનું સૂતક અને બેસણું તા.૨૪ એપ્રિલ, સોમવારના રોજ તેમના નિવાસસ્થાન વડાગામ, તા.ખાનપુર, જિ. મહિસાગર ખાતે બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ રાખેલ છે.

## ધાનેરામાંથી આઈ ટેન ગાડીમાંથી દારૂની હેરાફેરી કરતા એક ઈસમને પકડી પાડતી પોલીસ

ધાનેરા તા. ૨૧

રાજસ્થાનના અડીને આવેલ ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પંથકમાંથી પડોશી રાજ્યોમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરાફેરીને પડકારવાશ્રી જે.આર.મોરથલીયા, પોલીસ મહાનિરીક્ષક,સરહદી રેંજ કચ્છ-ભુજ તથા શ્રી અક્ષયરાજ, પોલીસ અધિક્ષક બનાસકાંઠા જીલ્લામાં દારૂ/જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના કરતા શ્રી એસ.એમ.વારોતરીયા, નાયબ પોલીસ અધિક્ષક થરાદ વિભાગ થરાદ નાઓના માર્ગદર્શન મુજબ, શ્રી એ.ટી.પટેલ, પોલીસ ઈન્સપેક્ટર ધાનેરા પોસ્ટેનાઓ તથા પોલીસ સ્ટાફના માણસો ઘાનેરા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.ઈન્સ એ.ટી.પટેલ ધાનેરા પો.સ્ટે નાઓને બાતમી હકિકત મળેલ કે, રાજસ્થાન તરફથી સફેદ કલરની આઈ ટેન ગાડી જેના રજી નં- ઌ-૩૬-ઌ-૨૩૫૦ વાળી દારૂ ભરી ધાનેરા બાજુ આવી રહેલ છે જે બાતમી આધારે ધાનેરા સી.સી.ટી.વી પાસે નાકા બંધી કરી તપાસમાં હતા. આ અંગે વધુ વિગતો આપતા અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી .પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે ,તે સમય દરમ્યાન ઉપરોક્ત બાતમી હકિકત વાળી ગાડી આવતાં ગાડીને રોકાવતાં સદર ગાડી ચાલકે ગાડી ઉભી રાખેલ નહિ અને આઈ ટેન ગાડી ભગાડી મુકેલ. જે ગાડીનો પીછો કરી નેનાવા ત્રણ રસ્તા થી કારગીલ બાજુ જતાં રોડ પર આડશ ઉભી કરી સદરહુ નાસેલ આઈ ટેન ગાડીને પકડી પાડી ગે.કા. અને વગર પાસ પરમીટની ભારતીય બનાવટની વિદેશીદારૂ ની બોટલો/બિયર ટીન નંગ-૩૯૧ કિ.રૂ-૯૪,૭૦/- નો પ્રોહિ મુદ્દામાલ મળી આવેલ જે ગુનાના કામે આઈ ટેન ગાડી રજી નં- લા-૩૬-ઌ-૨૩૫૦ ની કિમત રૂપીયા-૫,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૧ કિ.રૂ.૩,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૫,૯૭,૭૦૨/- ના મુદ્દામાલ સાથે ચાલક ઈશમ નરેન્દ્રકુમાર સ/ઓ જુગતારામ તેજારામજી જાતે વિશ્નોઈ સોદારા)ઉ.વ-૨૨ રહે અમરાપુરી બીછાવાડી તા.સાંચોર જી-સાંચોર રાજસ્થાનવાળાને પકડી પાડેલ જે અનુસંધાને ધાનેરા પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## પ્રાંતિજના માર્કંડેશ્વર મંદિરના પગથીયા ઉપર મુકેલ મોટરની ચોરી

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ના પગથિયા ઉપર મુકેલ પાણીની મોટર કોઈ અજાણ્યા ચોર ચોરી જતા પોલીસ ફરીયાદ થઈ. પ્રાંતિજ માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે હાલ અન્નપૂર્ણા ભવન નુ કામ ચાલી રહ્યુ છે અને જેને લઈ ને પાણી ની જરૂર હોય તે માટે મંદિર પાછળ આવેલ બોખ માંથી પાણી લેવા માટે મંદિર ના પગથિયા ઉપર પાણી ની મોટર મુકેલ હોય જે મોટર જેની કિંમત આશરે-૩૨૦૦ જે કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા મંદિર ના પુજારી પંકજપુરી રમણપુરી ગોસ્વામી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા મોટર ચોર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે અજાણ્યા મોટર ચોર વિરુધ્ધ ગુનોનોંધી તપાસ હાથધરી હતી

## ધાનેરા માં વરલી મટકા નો પૈસા વડે જુગાર રમતા ત્રણ ઈસમોને ૪૧,૩૩૦- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી પોલીસ

ધાનેરા તા.૨૧

ધાનેરા પોલીસ સ્ટેશન ના ટાઉનમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે સીટી સ્કવેર શોપીંગ સેન્ટરમાંથી વરલી મટકાનો હાર જીતનો જુગાર રમી રમાડતા ત્રણ ઈસમો ને રોકડ રૂપિયા કુલ-૧૩૩૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૨, કિં.રૂ.૧૦,૦૦૦/- તથા નોટબુકનું પાનું નંગ-૧ કિ.રૂ.૦૦/૦૦,તથા બોલપેન નંગ.૦૧ કિં.રૂ.૦૨/૦૦ તથા એક એકટીવા જેનો આર.ટી.ઓ રજી.નંબર **-GJ-08-CF 5915** કિ.રૂ.૩૦,૦૦૦/-તથા સફેદ કલરના પેજ વાળી કોરી કાપલીઓ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે મુદ્દામાલ કિંમત રૂપિયા.૪૧,૩૩૦/- મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે. આ અંગે વધુ વિગત આપતા અમારા ધાનેરા ના સંવાદદાતા ભરત બી પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, જુગાર રમાડારનાર મુખ્ય આરોપી જાવેદશા બચલશાં સાંઈ રહે.-નગરપાલિકા પાસે આર.કે.કોમ્પલેક્ષ ઉપરના માલે ધાનેરા તા-ધાનેરા જે તમામ ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે પકડાયેલ આરોપીઓના નામ (૧)ફિયાજ જાવેદશાહ બચલશાહ જાતે-દિવાન રહે-નગરપાલિકા પાસે આર.કે.કોમ્પલેક્ષ ઉપરના માલે ધાનેરા (૨) અયુબશાહ અબ્દુલશાહ જાતે-સાંઈ રહે-સીટી સ્કેવર શોપિંગમાં ભોય તળીયે ધાનેરા તા.ધાનેરા (૩) મોહમહદ શરીફ રમજાનખાન જાતે-સિપાઈ ઉ.વ.૨૩ ધંધો-પાર્લર રહે-લાધાપુરા ધાનેરા.

## પાલનપુરમાં સોસાયટીના નાકે વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

**પૂર્વ પોલીસની ટીમે ઓચિંતી રેઇડ કરી રૂ.૧૫ હજારની રોકડ સાથે એક ઇસમને ઝડપી પાડ્યો**


પાલનપુર તા.૨૧

પાલનપુર શહેરના માલણ દરવાજા વિસ્તારમાં આવેલ એક સોસાયટીના નાકે એક ઈસમ આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમતો અને રમાડતો હોવાની બાતમીના આધારે પાલનપુર પૂર્વ પોલીસની ટીમે આ જુગારધામ પર રેડ કરીને અહીં આંક ફરકનો જુગાર રમાડતા ઈસમને રૂ.૧૫૦૫૦ ની રોકડ રકમ સાથે ઝડપી પાડી તેની વિરૂદ્ધ પૂર્વ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર શહેરના માલણ દરવાજા વિસ્તારમાં આવેલ આવેલ હસનપાર્ક સોસાયટીના નાકે આ જ સોસાયટીમાં રહેતો હકીમખાન ઈબ્રાહિમખાન પઠાણ નામનો ઈસમ જાહેરમાં આંક ફરક અને વરલી મટકાનો જુગાર રમતો અને રમાડતો હોવાની બાતમીના આધારે શહેર પૂર્વ પોલીસની ટીમે આ જુગાર ધામ પર રેડ કરી હતી. જેમાં અહીં જુગાર ચલાવતો હકીમખાન ઈબ્રાહિમ ખાન પઠાણ આંકડાનો જુગાર ચલાવતા રૂ.૧૫૦૫૦ ની રોકડ રકમ સાથે ઝડપાઈ જતા તેની સામે પૂર્વ પોલીસ મથકે જુગારધારાની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

**અમેરિકા પ્રવાસે ગયેલ સાંસદના નિવાસ સ્થાને ત્રસ્કરો ત્રાટક્યા**

# પ્રાંતિજના ભાગપુર ખાતે સાંસદના નિવાસમાંથી ૮.૭૦ લાખની ચોરી





પ્રાંતિજ તા.૨૧

પ્રાંતિજ ના ભાગપુર ખાતે રહેતા અને સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ ના નિવાસ સ્થાને તસ્કરો ત્રાટક્યા મેન દરવાજા નુ તાળુ તોડી ચાંદી ના સિકકા અને વાસણો સહિત સોનાના દાગીના અને એક લાખ રૂપિયા રોકડા સહિત કુલ-૮.૭૦ લાખ ની મતાની ચોરી કરી તસ્કરો પલાયન થતા સાંસદ ના પુત્ર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી. પ્રાંતિજ ના ભાગપુર ખાતે આવેલ સાંસદ દિપસિંહ રાઠોડ ની આશ્રમ મા આવેલ તેમના નિવાસ સ્થાને તસ્કરો ત્રાટક્યા જેમા અજાણ્યા તસ્કરોએ બુધવાર ની રાત્રીએ આશ્રમ શાળામા પ્રવેશ કરી આશ્રમ શાળા મા આવેલ સાંસદ ના મકાન નો મેન દરવાજા નુ તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને મકાન મા રહેલ સર-સામાન વેર વિખેર કર્યો હતો તો મકાન મા રહેલ ત્રણ તિજોરીઓ ના તાળા તોડયા હતા જેમા તિજોરીમા રહેલ ચાંદીના સિક્કાઓ અને વાસણો સહિત સોનાના દાગીના સહિત તિજોરીમા રહેલ એકલાખ રૂપિયા ની રોકડ રકમ સહિત ની ચોરી કરી હતી તો હાલ સાંસદ અમેરિકા ખાતે પ્રવાસ મા હોય તેમના પુત્ર ને ચોરી અંગેની જાણ થતા તેવોએ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા જાણ કરી હતી અને પ્રાંતિજ પોલીસ સાંસદ ના પુત્ર રણજીતસિંહ ની ફરિયાદ ને લઈ ને અજાણ્યા તસ્કરો સામે પોલીસ ફરિયાદ લઈ ને સ્થળ ઉપર દોડીઆવીને તપાસ હાથધરી હતી તો તસ્કરોએ સાંસદ ના ધરે અન્ય દસ્તાવેજો તથા કિંમતી વસ્તુઓ હોવા છતાંય માત્ર તિજોરી ના તાળા તોડી તિજોરી મા રહેલ સોનાના દાગીના , ચાંદીના વાસણો , ચાંદીના સિક્કાઓ અને રોકડ રકમ એક લાખ મળી કુલ-૮.૭૦લાખ ની ચોરી કરી હોવાનુ જાણવા મળ્યુ હતુ જેમાં ધરેણા - સૌ ચાંદીના સિક્કા , દસ બિસ્કીટ , ચાર ગ્લાસ , બે થાળી , ચાર વાટકી , તથા બે ચમચી તેમ મળી આશરે ૬ કિલો ચાંદી જેની કિંમત ૪૨૦૦૦૦ તથા ૧.૫ તોલા ની એક સોનાનો દોરો ,૨.૫ તોલા ની ચાર વીટી , એક-એક તોલાની બે સિકકા તથા એક તોલાની પેંડલ મળી આશરે ૭ તોલા ની સોના ની વસ્તુઓ જેની ૩૫૦૦૦૦ તથા પેડલ-૨૦ તથા ચલણી નોટો-૫૦૦ રોકડ -૧,૦૦,૦૦૦ મળી કુલ-૮,૭૦,૦૦૦ ની ચોરી કરી તો પ્રાંતિજ પોલીસ દ્વારા સાંસદ ના પુત્ર રણજીતસિંહ રાઠોડ ની ફરિયાદ ને લઈ ને અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ આઈપીસીકલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ ગુનોનોંધી તપાસ હાથધરી હતી તો ચોરીને લઈ ને એફ.એસ.એલ તથા ડોગ સ્કવોડ ની પણ મદદત પણ લેવામા આવી હતી અને પોલીસ દ્વારા તપાસ નો ધમધમાટ શરૂ કર્યો હતો.

## પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજના વિવિધ વિસ્તારોમા ફલેગ માર્ચ યોજયુ



પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસ દ્વારા હિન્દુ-મુસ્લિમ ના તહેવારોને ધ્યાને લઈ ને પ્રાંતિજ ના સંવેદનશીલ વિસ્તારો સહિત પ્રાંતિજ ના વિવિધ વિસ્તારોમા ફેલર્ગ માર્ચ કર્યુ. પ્રાંતિજ ખાતે હિન્દુ-મુસ્લિમ તહેવારો તથા રમજાન ઈદ ને લઈ ને લઈને પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.પી.વાઘેલ ના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ ખાતે ફલેગ માર્ચ કારવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ ભાંખરીયા પોલીસ સ્ટેશનથી ફલેગ માર્ચ ચાલુ કરી હનુમાન ચોક , દેસાઈની પોળ, બજારચોક, વ્હોરવાડ, નાનીભાગોળ સહિત પ્રાંતિજ ભાંખરીયા બસસ્ટેશન વિસ્તાર મા ફલેગ માર્ચ કરવામા આવ્યુ હતુ તો પ્રાંતિજના વિવિધ વિસ્તારો મા નિરીક્ષણ કરવામા આવ્યુ હતુ તો હિન્દુ-મુસ્લિમ તહેવારો તથા રમજાન ઈદ ને લઈ ને ફલેગ માર્ચ યોજાઈ હતી જેમા પ્રાંતિજ પીએસઆઈ બી.ડી.રાઠોડ, મહિલા પીએસઆઈ એ.બી.મિસ્ત્રી સહિત પ્રાંતિજ પોલીસ સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પ્રાંતિજ બજાર સહિત સંવેદનશીલ વિસ્તારો સહિત પ્રાંતિજ ના વિવિધ વિસ્તારોમા ફલેગ માર્ચ યોજી હતી.